

# અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 32 ❖ અંક : 12 ❖ S.No. : 488
❖ તા.16-3-2026 ❖ માર્ચ
છૂટક નકલ : રૂ.6/-


# નવું પ્રકાશન...

**"મન્નહ જિણાણં" સજ્ઝાય આધારિત વિવેચનનો**
**૪થો ભાગ ટુંક સમયમાં બહાર પડશે.**
**"મારું જીવન સુગંધી બને..." (ભાગ-૪)**
**યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ.હેમરત્નસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન**
**પંન્યાસ હૃદયરત્ન વિ.ગણિ**
**કિંમત : રૂા.૧૦૦**

પ્રભુ આજ્ઞાના પાલનથી લઈ સદ્ગુણી બનાવવા સક્ષમ શ્રાવકના ૩૬ ગુણો આધારિત સુંદર તાત્ત્વિક છતાં સરળ ભાષામાં વિવેચન. ૪ પુસ્તકોનો સેટ તમારા ઘરની કે ભંડારની શોભા બનશે.

પ્રવચનકાર મહાત્માઓ માટે ખાસ ઉપયોગી છે. સાચા જૈન અને શ્રાવક બનાવતા પ્રવચનો માટે ઉપયોગી તાત્ત્વિક પદાર્થો સાથે સરળ ભાષામાં વિવેચન રસપ્રદ બનશે.

૧. ભાગ–૧ બંધન બંધન ઝંખે મારું મન – ૩ કર્તવ્ય
૨. ભાગ–૨ આતમઝંખે છૂટકારો – ૪ થી ૧૭મું કર્તવ્ય
૩. ભાગ–૩ મારું જીવન અંજલિ થાજો – ૧૮ થી ૨૫મું કર્તવ્ય
૪. ભાગ–૪ મારું જીવન સુગંધી બને – ૨૬ થી ૩૬મું કર્તવ્ય










| : અમદાવાદ : | શ્રી શત્રુંજય તીર્થધામ ભુવનભાનુ માનસમંદિરમ્ ટ્રસ્ટ | : સુરત : |
|---|---|---|
| અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ<br>પ્રાર્થનાપીઠ<br>૧૭, ઈલોરાપાર્ક સોસાયટી,<br>જૈન દેરાસર પાસે,<br>નારણપુરા ચાર રસ્તા,<br>અમદાવાદ – 380 013.<br>ફોન : 079-27681317 | તીર્થક્ષેત્ર :<br>શહાપુર, સ્ટે. આસનગાંવ,<br>મુ.સાવરોલી રેલ્વે ક્રોસીંગ પાસે,<br>જિ.થાણા, મહારાષ્ટ્ર.<br>ફોન : 93236 64911<br>98232 71991 | દીપકભાઈ વોરા<br>ઈ–૩૦૨, અરિહંત બિલ્ડીંગ,<br>શંખેશ્વર કોમ્પલેક્ષ,<br>કૈલાસનગર, સગરામપુરા,<br>સુરત – ૩૯૫ ૦૦૨.<br>ફોન : 98259 35334 |

તં દેવદેવ મહિઅં સિરસા વંદે મહાવીરમ્

અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 32 ❖ અંક : 12
S.No. : 488 ❖ વિ.સં.2082
તા.16-3-2026 ❖ માર્ચ

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળે,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514


આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

॥ શ્રી પ્રેમ–ભુવનભાનુ–જયઘોષ–રાજેન્દ્ર–હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

**દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા**

**લેખક : પ.પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.ગણિ**





## પ્રાર્થના

**હે** પ્રભુ ! હું ખરેખર તો તને પ્રાર્થના કરવાને જ લાયક નથી. પણ હે દયાળુ ! તારા ગુણો સાંભળી તારા દ્વારે આવ્યો છું.

હું નથી કહેતો, કે મને પાર ઉતારી દે, પણ મારા જ્યારે સંયોગો વિફર્યા છે ત્યારે પ્રભુ મારે કેમ જીવવું તેની થોડી ટીપ્સ તો આપ !

હું નથી કહેતો, કે મારી બિગડી બાજી સુધાર, પણ પાસા અવળા પડતા હોય ત્યારે પણ હું હસતો રહું તેવું તો શિખવાડ !

હું નથી કહેતો, કે મને સંત બનાવ, પણ જ્યારે માથું ફાટ ફાટ થતું હોય ત્યારે શાંતિ કેમ રાખવી એની ટેકનીક તો બતાવ !

હું નથી કહેતો, કે મારા તમામ કાર્યો સિદ્ધ કર, પણ દયાળુ ! એક કાર્યમાં પણ નિષ્ઠાપૂર્વક કેમ વળગી રહેવું તેનું તો જ્ઞાન આપ !

હું નથી કહેતો મને ત્રાસ આપનાર કે નિંદા કરનારને તું દૂર કર, પણ પ્રભુ ત્રાસ અને નિંદાની ભારે વર્ષામાં પણ કેમ ભીંજાઉં નહીં તેની તો સમજ આપ !

હું નથી માંગતો, કે તું મને ભગવાન બનાવ, પણ પ્રભુ ! જ્યારે શ્રદ્ધા જ ડગી જતી હોય ત્યારે તું પ્લીઝ થોડા ધૈર્યના ડોઝ તો આપ !

તું તો આખા વિશ્વનો ગૉડ થઈ બેઠો છે. મને શા માટે ટટળાવે છે ?

## સંવેદના

**અ**સમાધિ કરનાર, જીવનમાં ડીસ્ટર્બ કરનાર, ભયંકર નિરાશામાં ધકેલી દેનાર તત્ત્વોને જાણી લેવા જોઈએ પછી તેનો સંયોગ ન થાય તે માટે સમ્યગ્ કાળજી કરવી જોઈએ.

**અનારોગ્ય** : શરીર ગમે ત્યારે બગડી જવું તે ન થાય માટે મનનો નિગ્રહ અને સાત્વિક આહારનું દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવથી નિયંત્રણ કરવું.

**દુષ્પ્રવૃત્તિ** : જીવનમાં દુષ્ટ પ્રવૃત્તિ, ખોટી ટેવો, વ્યસનો ચિત્તને અસ્વસ્થ રાખે છે. સતત ચિંતાગ્રસ્ત રાખે છે. માટે બધાનું હિત થાય તેવી જ પ્રવૃત્તિ કરવી, તે પણ ભવિષ્યનો વિચાર કરી કરવી.

**અતિપરિગ્રહ** : બિનજરૂરી વસ્તુઓનો પાગલની જેમ સંગ્રહ પણ જીવને અસમાધિમાં ધકેલી દે છે. ઓછો પરિગ્રહ ઓછી ઉપાધિનું સૂત્ર ગોખવું. બાહ્ય વૈભવ તે બાહ્ય પરિગ્રહ છે. તે પણ પાપ સ્વરૂપ છે. જ્યારે પોતાની માન્યતાનો આગ્રહ તે પણ અભ્યંતર પરિગ્રહ છે, કદાગ્રહ પણ ભયંકર પરિગ્રહ છે. તે આત્માનો દાટ વાળનાર છે. માટે તે છોડવો. ઈચ્છાઓ, અપેક્ષાઓનો પણ પરિગ્રહ છોડવો અર્થાત્ અનિચ્છ અને નિરપેક્ષ બનવું. આ બધું શાંતિથી જીવવાના–સમાધિ મેળવવાના ઉપાયો છે. અરબોપતિઓ, ધનિકોને આ ઉપાયો મળતા નથી, મળે તો ગમતા નથી. માટે તેમને સમાધિ નથી.



**હેમસૂત્ર** **બાહ્ય વૈભવથી આલોકમાં કદાચ સુખી થવાય પરંતુ આંતરિક વૈભવથી તો પરલોકમાં પણ અવશ્ય સુખી થવાય ! જૈન પરલોક દૃષ્ટા હોય !**

# મારું જીવન અંજલિ થાજો

## ભાસાસમિઈ - ૨૯

જથી આદાન - નિક્ષેપ સમિતિનું પાલન એટલે આસન, સંથારો, દાંડો વગેરે જે કોઈ ચીજ જમીન વગેરે ઉપર લેવાની-મૂકવાની છે તે નીચે જોઈ પૂંજીને ઉપયોગપૂર્વક હળવેથી મૂકે, આમ આ સમિતિના ઉપયોગથી વસ્તુ લેતાં-મૂક્તાં જીવહિંસા થાય નહીં. વસ્તુ તૂટે-ફૂટે નહીં, સચવાય, પોતાને વાગવું વગેરે ન થાય.

પાંચમી પારિષ્ઠાપનિકા સમિતિ એટલે બિનજરૂરી વસ્ત્ર વગેરે ચીજો પણ ફેંકી દેવાની ન હોય, તેમ થાય તો હિંસા, અવ્યવસ્થા, ડિસિપ્લિનનો ભંગ થાય. લૌકિક કે લોકોત્તર મર્યાદાનો ભંગ ન કરાય. માટે ભગવાને તેના માટે શાસ્ત્રીય માર્ગ બતાવ્યો. જેથી ચીજો જ્યાં જ્યાં ફેંકવાની ન થાય. માટે વિધિપૂર્વક નિર્દોષભૂમિમાં તેનો ત્યાગ કરાય છે.

આપણે અહીં ભાષાસમિતિની વાત કરવી છે. તમારી જ્ઞાનવૃદ્ધિ માટે અહીં બાકીની સમિતિઓની પણ માહિતી જણાવી.

ઉપદેશમાલા નામના ગ્રંથમાં ભ. ધર્મદાસગણિજીએ જણાવ્યું -

કોહાઈહિં ભએણ વ હાસેણ વ,
જો ન ભાસએ ભાસં ।
મોહરિગિવહાહિં તહા,
ભાસાસમિઓ સ વિણ્ણેઓ ॥૧૭૬॥

અર્થ : જે ક્રોધથી, માન, માયા કે લોભથી, ભયથી કે હાસ્યથી વળી મૌખર્યપણાથી અને વિકથાઓથી ભાષા બોલતો નથી તે ભાષાસમિતિ છે. ક્રોધના આવેશમાં બોલાતી ભાષા સાચી હોય તો પણ સારી નથી. માટે સાચી નથી. તેને શાસ્ત્રમાં સમ્યગ્ ભાષા કહી નથી. આવેશ વિના બોલાય તો તે ભાષાસમિતિનું પાલન કહેવાય. સાધુને આવી ભાષા બોલવાની મનાઈ કરી.

બહુયં લાઘવજણયં,
સાવજ્જં નિટ્ઠુરં અસંબદ્ધં ।
ગારત્થિયજણઉચિયં,
ભાસાસમિઓ ન ભાસિજ્જા ॥૧૭૭॥ ઉ.માલા.

બહુયં - બહુ બોલબોલ ન કરે. ઓછા શબ્દોથી સમજાઈ જાય તેમ વાત પૂરી કરે. કેમ કે, બહુ બોલવાથી ઉતાવળમાં ન બોલવાનું બોલાઈ જાય. ક્યારેક ગુપ્તવાત બોલાઈ જાય તો પાછળથી ઘણી મુશ્કેલીઓ સર્જાય. વધારે બોલવાવાળાને જૂઠું, અતિશયોક્તિવાળું બોલાઈ જવાનો વધારે સંભવ છે.

વિચાર કર્યા વિના બોલવું તે પણ ગુનો છે. તેનો દંડ પોતાને જ ભોગવવો પડે છે. ક્યારેક બીજા મુશ્કેલીમાં મૂકાઈ જાય છે, કહ્યું છે, ''વગર વિચાર્યું જે કહે, પાછળથી પછતાય.''

**લઘુતાજનક** : ધર્મની લઘુતા કરે, હીનતા કરે. ભગવાનના વચનોની ડિવેલ્યુ કરે કે ક્યારેક સાધુતાની ડિવેલ્યુ થાય તેવું ક્યારેય બોલાય નહીં.

**સાવજ્જં** - સાવદ્ય ભાષા એટલે - જેમકે ''બારી બંધ કર !'' આવું વચન સાધુ કે શ્રાવક ન બોલે. આ હિંસક ભાષા છે. ઓર્ડર ન કરાય પણ કહેવાય કે, ''બારીની જયણા કરો.'' આ વાક્ય ભાષાસમિતિના પાલનપૂર્વકનું છે.

**નિષ્ઠુરભાષા** : કાણાને જેમ કાણો કહી ન બોલાવાય. તેનાથી તેને અપમાન લાગે, ખોટું લાગે, તેની લાગણી દુભાય. તેના દિલને ધક્કો લાગે, સામેવાળાને ગુસ્સો આવે તેવા નિષ્ઠુર વચનો ન બોલવા. પણ પ્રેમથી બોલવું.

**અસંબદ્ધ** : સાવ સંબંધ વિનાનું બોલવું. વાત કે પ્રસંગ શું હોય અને બોલે શું ? જેમ કોઈ દારૂડિયો ગમે તેમ સંબંધ વિનાનું બડબડ કરે તેમ આ બધું સમિતિ વિનાનું કહેવાય.

**ગૃહસ્થને ઉચિત** : આવી ભાષા સાધુ બોલે તો અનુચિત છે. જો ગૃહસ્થો સામે મળે તો હાય ! હેલો ! શું છે યાર ! આવું બોલે પણ બે સાધુ સામ-સામા મળે તો બોલે તો આ કેવું લાગે ? સાધુ માટે આવું બોલવું તે અનુચિત છે. તેઓ તો ''મત્થએણ વંદામિ'' બોલે ! વિનયપૂર્વક એકબીજાને હાથ જોડી મસ્તક નમાવી વંદન કરી ખબર અંતર પૂછે. આ સમિતિ કહેવાય.


વળી લોકસ્થિતિની વિરુદ્ધ પણ ન બોલાય જેથી સમિતિનો ભંગ થાય. તે રીતે પરલોકને બાધા કરે એટલે પાપબંધ કરાવે તેવી ભાષાનું ઉચ્ચારણ કરવું ન જોઈએ.

તો કેવું બોલવું ? તે બતાવે છે -

હિતમિતાસંદિગ્ધાર્થભાષણં ભાષા સમિતિ।

સામેવાળાને હિત થાય તેવું બોલવું એટલે તેને ગુસ્સો આવે કે તે સાંભળવાથી પછી પણ તેનું અહિત થાય તેવા વચનો ઉચ્ચારાય નહીં. માત્ર અહિત થાય તેવું જ નહીં આગળ વધી 'મિત' માપસરનું બોલવું.

હિતવચનો બોલવા સહેલા છે પણ બોલવાનો ચાન્સ મળ્યા પછી મિત - માપસરનું બોલવું અઘરું છે. 'મિત' બોલવું એટલે સમયસૂચક્તા જાળવી બોલવું, પ્રસંગને અનુરૂપ ટૂંકમાં પણ સારભૂત બોલવાની કળા તો કેટલાકમાં જ હોય છે. શોર્ટ એન્ડ સ્વીટ બોલવાની કળાથી સાંભળનાર પણ આનંદ પામે છે. સ્વીટ હોય પણ લોંગ હોય, વિસ્તારથી વર્ણન કર્યા કરે તો પણ સાંભળનાર કંટાળી જાય છે ! જમવામાં એકલી મીઠાઈ કેટલી ખવાય ?



એમ શોર્ટ હોય પણ તીખું તમતમતું આપે તો બીજીવાર સાંભળવા જ ન આવે. ભાષાને આ બધા વિશેષણો ગમે તેમ આપ્યા નથી. વક્તામાં આ ગુણો ન હોય તો તે વક્તા કહેવાય નહીં. મધુર અને મિત વાણી તમારી પ્રસિદ્ધિ વધારે છે. લોકોમાં પ્રિયત્વ વધારે છે.

મધુર અને મિત-પથ્ય વાણીથી ભલભલાને જીતી શકાય છે. કહેવાય છે કે, જેની જીભ ઉપર સાકર હોય, એને દુશ્મનો પણ ચાહે છે.

દુલા કાગની એક પંક્તિ સાંભળેલી -

**મીઠા બોલા માનવી જ્યારે આ જગ છોડી જાશે...**

**કાગા એની કાંણ ઘરો ઘર મંડાશે...**

સત્ય પણ કડવું કે કઠોર બોલનાર ફાવી શક્તા નથી. પરંતુ સત્યમાં જો હિત, મિત અને પથ્ય ભેળવાય તો દુનિયા આવા વચનોનું પાન કરવા તલસતી હોય છે. આવા વક્તાઓનું સૌભાગ્ય ખીલી ઊઠે છે.

હિત-મિત પછી ત્રીજું વિશેષણ છે, ''અસંદિગ્ધાર્થ'' એટલે જે બોલાયું છે તેને સામેવાળો બરાબર સમજી શકે, તેનો અર્થ સરળતાથી તેને સમજાઈ જાય તેનું મન શંકાવાળું ન બને. કેટલાક એવું બોલે, કે પેલાને વિકલ્પ થાય કે આનો અર્થ શું કરવો. એટલે તેને પાછું પૂછવાનું મન થાય, કે તમે જે બોલ્યા તે આમ જ છે ને ? મને સમજાયું નહીં. એટલે પેલા બોલનારે પાછું પોતાનું જ વચન સમજાવવા બેસવું પડે. આ ભાષા અધૂરી કહેવાય. સાંભળનારને પછી સ્પષ્ટતા કરવાનું રહે જ નહીં, સ્પષ્ટ અર્થ સમજાઈ જાય તેવી સરળ ભાષા સામાન્ય જનમાં સ્વીકાર્ય બને છે.

'પ્રવચન સારોદ્ધાર' નામના ગ્રંથમાં ભાષાના ચાર મુખ્ય ભેદ કહી તેના ઉત્તર ભેદ ૪૨ બતાવ્યા છે. આપણે અહીં મુખ્ય ચાર ભેદ જોઈએ.

**(૧) પઢમા ભાસા સચ્ચા :** પહેલી 'સત્ય' નામની ભાષા છે. સત્ એટલે જે સાચું છે. વાસ્તવિક છે. જેમ કે - ભગવાને વિદ્યમાન 'જીવ' વગેરે પદાર્થો કહ્યા તે સત્ય છે. જ્યારે અન્ય વડે કલ્પનાથી કહેલા કેટલાક પદાર્થો અસત્ કહેવાય છે. સત્ય નથી. જે છે તેને યથાર્થરૂપે કહેવું તે સત્ય છે.

**(૨) બીયા ઉ મુસા :** બીજી ભાષા મૃષા એટલે અસત્ય નામની છે. જે સાચું નથી, હકીકત નથી, વાસ્તવિક નથી તે બધું અસત્ય છે, મૃષા છે. આવી ભાષા બોલવી તે મૃષાભાષા છે.

**(૩) સચ્ચામુસા :** સત્યામૃષા નામની ત્રીજી ભાષા છે. તે ભાષામાં કેટલાંક અંશ સાચા હોય જ્યારે કેટલાંક અંશ મૃષા હોય છે.

**(૪) અસચ્ચામુસા :** અસત્યામૃષા આ ૪થી ભાષા છે. હકીકતમાં જે ભાષા આ ત્રણમાંથી કોઈ ભાષા ન હોય તો તે આ ચોથી ભાષા છે. આ ભાષાનો વિષય આમંત્રણ તથા આજ્ઞા આપવાનો છે. જેમકે, 'હે દેવદત્ત !' આ વાક્ય ઉપરની ત્રણ ભાષામાં બેસતું નથી. 'તમે આમ કરો' આમાં આજ્ઞા આપી છે. આવા ચોથી ભાષાના ૧૨ પેટા પ્રકાર છે.

ક્રમશઃ

# ધ્યાનની ભૂમિકા

## અધ્યાત્મ અને ભાવનાઓનું સાતત્ય

દીકરો ભણી ગણીને તૈયાર થયો. ડીગ્રી પણ મળી ગઈ. બાપા મોટો વેપાર કરતા હતા. દીકરાને થયું કે, હું પણ વેપાર કરું, નોકરી કરવી તે તો શરમની વાત છે. શેઠનો દીકરો નોકર શું કામ બને ?

દીકરાએ બાપાને કહ્યું, ડૅડી તમે મને ૧ કરોડ રૂપીયા આપો. હું પણ વેપાર કરવા માંગું છું. વેપારમાં કમાઈને તમને પાછા-પરત કરી દઈશ. અરે ! પપ્પા જે કમાઈશ તે પણ આપના ચરણે ધરી દઈશ.

બાપા દીકરાની જીગર જોઈ ખુશ થયા. હું તમને પૂછું છું કે, તમે તમારા દીકરાને આટલી મોટી રકમ આપો ખરા ? ના ! કેમ ? તો તેને વેપારનો અનુભવ નથી. ક્યારે કોની સાથે કેવી આવડતથી કામ કરવું. તે માટે વેપારનો પણ અભ્યાસ જોઈએ. કોને ધીરાણ કરવું કોને નહીં ? કઈ સીઝનમાં કયો વેપાર કરવો અને ક્યારે વેપાર બંધ કરવો



તેની આવડત ન હોય તો દીકરાને વેપાર કરવા રકમ ન અપાય.

વેપારની પાછળ પણ આગળની ભૂમિકા કામ કરે છે. રાજા પણ કુમારને યુવરાજપદ આપ્યા પછી યુદ્ધ આદિની તાલિમ અપાવે. કળાઓ શીખવે તે પછી તેની એટીટ્યુટ જુવે, પ્રજા સાથે તેનો વ્યવહાર જોઈ પછી રાજા બનાવે.

ધ્યાન તે ઉપરની ભૂમિકા છે. તે પહેલાં જે અભ્યાસ કરવાનો છે. તે ન હોય તો ધ્યાન ચોક્કસ રીઝલ્ટ લાવી શક્તું નથી. આભાસિક બની રહે છે. તેમાં જ જો સાધક સંતોષ માને, પોતાને યોગી-ધ્યાની તરીકે ગૌરવ લે અને ત્યાં જ અટકી જાય તો તે અસલ આનંદને ક્યારેય મેળવી શક્તો નથી. ધ્યાન છેક કેવલજ્ઞાન સુધી લઈ જાય છે. આટલું ધ્યાન રાખી અંતિમલક્ષ્યને નજરમાં રાખી જો અભ્યાસ કરાય તો તેની સિસ્ટમ આ પ્રમાણે સમજવી. રાજમાર્ગ તો આ છે કે, પહેલાં ભૂમિકા તૈયાર કરો પછી ક્રમશઃ ધ્યાનાભ્યાસ કરાય.

કેવલજ્ઞાન સુધી લઈ જતો ધ્યાનયોગ એ પવિત્ર યોગ છે. એટલે તેની ભૂમિકામાં પણ પવિત્ર યોગો છે.

જિનાલયના શિલાસ્થાપન પૂર્વે તે ભૂમિમાં ખોદકામકરી પહેલાં અશુદ્ધિઓ દૂર કરાય છે. પવિત્ર (વર્જિન માટી-ભૂમિ)

તેમ ધ્યાનની પૂર્વભૂમિકા જીવનમાં સદાચારોનું સ્થાપન દુરાચારોનું દૂરીકરણ છે.

**પ્રશ્ન :** જીવમાં અસદાચારોની લાગણીઓ વારંવાર સ્ક્રિન ઉપર આવ્યા કરે છે. તે માટે શું કરવું ?

**જવાબ :** અસદાચારોની લાગણી કાઢવા સદાચારોનું પાલન આદરપૂર્વક અને દઢતાપૂર્વક કરવું જોઈએ. તેથી ખોટી લાગણીઓ દૂર થઈ સદાચારની લાગણી પ્રગટે છે. પછી તો સદાચારો ઉપર પ્રીતિ થતાં ડબલ વેગથી ગાડી સદાચારના પંથ ઉપર નિર્વિઘ્ને ચાલવા લાગે છે.


યોગપૂર્વ સેવાના 'લલીતવિસ્તરા' ગ્રંથમાં સદાચાર પ્રકરણમાં ૧૮ પ્રકારના સદાચારોનું વર્ણન આવે છે. આ પ્રારંભની ભૂમિકાના સદાચારો છે. પહેલાં તો તે સદાચારો જીવનમાં દઢપણે પાળવા તે પછી ઉપરની ભૂમિકાના જૈનાચારો, શ્રાવકાચારો અને તેથી આગળ સાધ્વાચારોનું પાલન આવતાં જીવ ધ્યાનની ભૂમિકાને યોગ્ય બને છે. ધ્યાન માટે અષ્ટાંગ યોગમાં રહેલ સાધુ સરળતાથી ધ્યાનમાં પ્રવેશી શકે છે.

**પાંચ મહાવ્રતોનું પાલન, સમિતિ-ગુપ્તિનું પાલન તથા પંચાચારનું પાલન ધ્યાનયોગમાં પૂરક અને સહાયક બને છે. કારણ તેનું મન નિર્મળ બન્યું હોય છે. ચિત્ત સંક્લેશ રહિત પ્રાયઃ હોય છે. તેના માટે જગતના વિષયોથી દૂર આત્માનો જ વિષય રહે છે. એટલે તેમાં સરળતાથી એકાગ્ર બની શકે છે.**

પાંચ સ્થૂલ અણુવ્રતધારી શ્રાવકોને વ્રતો વગેરે સુંદર અભ્યાસરૂપ છે. તે ધ્યાનની દિશા તરફ લઈ જાય છે.

અસદાચારોને કાઢવા સદાચારોનું પાલન જરૂરી છે. ઘરમાં કરોડો રૂપિયા આવી જવાથી કે અઢળક સંપત્તિ આવી જવાથી કંઈ અસદાચારો જતા નથી. ઉલટા વધી જવાનો સંભવ છે.

તેમ દીક્ષા લો એટલે પૂર્વમાં સંસ્કારિત થયેલા અસદાચારો જાય જ તે નક્કી નથી. તેને કાઢવા દીક્ષા પછી સારી રીતે સમર્પિત થઈને સાધ્વાચારોનું પાલન કરવું જ પડે. વર્ષો સુધી આ આચારોના પાલનથી જીવ સંસ્કાર વાસિત બને છે અને આ જ સંસ્કારો સંચિત થતાં જીવની અનાદિની ઉંધી ચાલ બદલીને સીધા માર્ગે ગમન કરાવે છે ત્યારે જીવમાં અધ્યાત્મ આવે છે. તેવી લાગણીઓ



અંતરમાં તૈયાર થાય છે. ઉપશમ આવે છે. તેથી વિવેક આવે છે.

આમ 'આત્મા' આત્મામાં ઠરવા લાગે છે.

**પ્રશ્ન :** સૂત્રોનું વારંવાર પઠન કેમ?

એકની એક ક્રિયાઓ વારંવાર અને નિત્ય કેમ?

જિનાલયના બધા જ ભગવાન પૂજવાના કેમ?

બધા જ ભગવાનને ત્રણ ત્રણ ખમાસમણ આપવાના કેમ?

૯૯ વાર યાત્રા (પહાડ ચડ-ઉતર) કરવાની કેમ?

સામાયિક (બહુસો) વારંવાર કેમ?

**જવાબ :** વારંવાર જનમ ન લેવા પડે માટે જન્મનો જ નાશ કરનાર આ ઉપાય છે. તે શ્રદ્ધાથી સ્વીકારો. વળી, માત્ર જૈન ધર્મમાં જ આવું છે. તેવું નથી! તમને પૂછું છું.

વારંવાર ખાવાનું કેમ?

રોજ કમાવા જવાનું કેમ?

રોજ સ્કૂલે-કૉલેજ જવાનું કેમ?

ઈસ્લામધર્મમાં કુરાનની આયાતો વારંવાર પઠન કરે છે.

ઈસ્લામમાં રોજ ૫ નમાઝ પઢવાની કેમ?

ગંગામાં રોજ સ્નાન કરવાનું કેમ?

ગીતાના અધ્યાયો રોજ ભણવાના કેમ?

ઈશ્વરની ધૂન રોજ વારંવાર લગાવવાની કેમ?

આ સમજશો તો ઉપરનું સમજાઈ જશે. (લક્ષ્યની સિદ્ધિ માટે)

દહીંને વલોણું કરવાથી ઘી નીકળે છે.

એમ આત્માને વારંવાર ક્રિયાઓના પુટ આપી સંસ્કરિત કરાય છે. શરીર અને આત્માનો અભેદ જે અનંતકાળથી રહેલો છે. તેને જુદો કરવા માટે આ જ અસરકારક ઉપાય છે. ભગવાને બતાવેલો છે. પરાવાણી છે. તેમાં ક્રમશઃ ધ્યાન એ ભેદજ્ઞાન માટે સ્ટ્રોંગ સ્ટ્રોક છે.

પણ શરૂઆત તો કાઉન્ટીથી કરવી પડે. બરાબર અભ્યાસ થાય પછી ફાઈનલ મેચમાં ઉતારવા મળે અને વિજય મળે! તે સિદ્ધ છે. એમ આત્મસિદ્ધિ માટે શરૂમાં ક્રિયાયોગથી એકાગ્રતા, વૈરાગ્ય, વિનય આદિ ગુણો પ્રાપ્ત થતાં જીવની પાત્રતા વધતી જાય તેમ ગુણસ્થાનક વધતું જાય તેમ આત્મભાવનો પાવર વધતો જાય. શુદ્ધિ અને જ્ઞાન વધતું જાય.

વારંવાર 'કરેમિભંતે'ના પાઠ શું કરે છે ? તો કે, વારંવાર સાવદ્યયોગોના ત્યાગના સંસ્કાર પડવાથી સાવદ્યયોગ (પાપ ક્રિયાઓ)ના સંસ્કારો તૂટે છે. પાપનો ભાર ઓછો થતાં જીવમાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે. માટે ગણધર ભગવંતોએ 'કરેમિભંતે'ને સૂત્રમાં ગુંથ્યું છે!

એક વાત સમજી રાખજો કે, સંસાર રસિક આત્મા કરણ-કરાવણ અને અનુમોદના, આ ત્રણ રીતે પ્રવૃત્તિ કરે છે. તે પણ ભૂત-ભવિષ્ય અને વર્તમાનને અપેક્ષી કરે છે અને તે પણ મન-વચન અને કાયા વડે કરે છે.

જીવ અનાદિકાળથી આ ૯ ભાંગે સાવદ્યયોગની (પાપ કરવાની) રુચિવાળો છે. કાંતો **પોતે પાપ કરે,** તો પણ પાપ કર્યું કહેવાય, **બીજા પાસે કરાવે,** અથવા બીજાને કરવાની પ્રેરણા કરે, માર્ગદર્શન કરે, શીખવાડે વગેરે તે **કરાવણ** રૂપે પાપ કર્યું કહેવાય. છેવટે ભલે પોતે કરે કે બીજા પાસે કરાવે નહિ છતાં બીજા પાપ કરતા હોય

તો તેને સારું થયું તેવું કહે, સારું માને, તે જોઈને કે જાણીને અંતરમાં ખુશ થાય, વારંવાર જોઈને ખુશ થાય આ **અનુમોદના** સ્વરૂપે પણ તેટલું જ પાપ કર્યું કહેવાય.

તે રીતે પાપ કરવાના ત્રણ સાધનો તેને મળ્યા છે. તે પૈકી કોઈ એક **'મન'**થી અથવા **'મન અને વચન'**થી અથવા **મન-વચન અને કાયા**થી આમ ત્રણે વડે પણ પાપ કરે.

વળી ભૂતકાળમાં જે પાપ કર્યા હોય તેને યાદ કરી ખુશ થાય, પાપ કરવા જેવાં લાગે, ભવિષ્યમાં આવા પાપ કરીશ એવી લાગણી અંતરમાં બેઠેલી હોય (પાપ ન કરવાની પ્રતિજ્ઞા ન હોય.) તો પણ ત્રણે કાળ સંબંધી પાપ તે જીવને લાગ્યા કરે. કારણ જીવને પાપ કરવાની રુચિ વધારે છે, તેમાં તેને મજા પડે છે. આ અનાદિના સંસ્કારો તોડવા, શુભમાં રુચિ જાય અને અશુભમાંથી રુચિ નાશ થાય તે માટે વિપરિત ભાવના રૂપ 'કરેમિભંતે' વારંવાર મૂકવામાં આવ્યું છે. એટલે

**ગણધર ભગવંત આદિ જ્ઞાનીઓએ રચેલાં આ સૂત્રો અનાદિકાળથી આત્મામાં ઊભી થયેલી સાવદ્ય (પાપ કરાવનાર) સંસ્કારવાળી કાળમીંઢ દિવાલોને તોડવા માટે હથોડા સમાન છે.**

કોની દિવાલ કેટલા હથોડાનું બળ જોવાય ! આપણે તો જ્યાં સુધી દિવાલ ન તૂટે ત્યાં સુધી હથોડાના ઘા બને તેટલા બળપૂર્વક મારવાના-ઝીંકવાના ચાલુ રાખવા રહ્યા.

સામાયિકની જેમ ગુરુવંદન પણ રોજ ત્રણે સમય કરવાના સવાર, બપોર ને સાંજ ! એટલા માટે કે 'ગુરુ'ની સ્મૃતિ રહે, આશાતના થઈ હોય તો વંદનથી નિવૃત્તિ થાય. ગુરુપદની ઉપાસના-આરાધના થાય. અધ્યાત્મ અને ભાવનાથી તરબતર થયેલ આત્મા ધ્યાનની સીડી ચડે એટલે તેને જે આત્મિક અનુભૂતિનો આનંદ આવે તે પેલાને આવવો મુશ્કેલ છે. કદાચ આનંદ અનુભવે તોય તે ક્લેશ અને અશાંતિના અભાવથી જે ચિત્ત વગેરે શાંત થયું છે તેનો આનંદ હોય !

અધ્યાત્મની પ્રવૃત્તિ અને અધ્યાત્મના લક્ષ્યથી વિરુદ્ધ છે, અનાધ્યાત્મની પ્રવૃત્તિ અને લક્ષ્ય છે. બન્નેનું ગણિત જુદું હોય છે.

ગૃહસ્થને કોઈવાર વધારે સમય મળે તો શું કરે ? ઊંઘે. આરામ કરવા જાય. જ્યારે સાધુને કોઈવાર સમય બચે તો શું કરે ? આરામ? ના. આરામ પ્રમાદ તે અનાધ્યાત્મછે. તે બીજા કામે સ્વાધ્યાય-વૈયાવચ્ચાદિમાં લાગે.

કોરોના કાળમાં કેટલાય ગૃહસ્થોએ પત્તા રમવા, વિવિધ રમતો રમવી, મેગેઝીનો જુના કાઢી વાંચવામાં સમય પસાર કર્યો. પણ જેઓ અધ્યાત્મવાદી હતા, ધર્મના લાગણીવાળા હતા, તેઓએ પાંચ પ્રતિક્રમણના સૂત્રો કંઠસ્થ કર્યા. સાધુઓએ તે કાળ વિશિષ્ટ સ્વાધ્યાય અને જોગની ક્રિયાઓ કરી પાસર કર્યો. કોણ ફાવી ગયું અને સમયને કોણ ચૂકી ગયું ? અધ્યાત્મના રસવાળાને કોરોનાનો ભીષણ કાળ પણ લાભનું કારણ બન્યો.

તમે રોજ ૭ વાગે ઉઠી પૂજા-સેવા કરી ૮ વાગે દુકાને હાજર થાઓ પણ રવિવારે શું ? કેટલાક તો ૧૦ વાગ્યા સુધી ઘોરતા હોય ! એમ થાય કે, આજે દુકાન બંધ છે તો લાવ ધર્મના બે શબ્દ ભણું અથવા વ્યાખ્યાનમાં જાઉં ! શિબિરમાં જાઉં, સ્નાત્ર ભણાવું, બધા ઉપાશ્રયે જઈ સાધુ ભગવંતોને વંદન કરી આવું ?

સમય મળે ત્યારે પણ આત્મહિતનો વિચાર ન આવે તેને ધ્યાન શું કરી શકવાનું ? ધ્યાન આત્મહિતની ઊંચી ભૂમિકા છે. જ્યારે ધર્મકરણી તેનું પ્લેટફોર્મ છે. સાધુને રવિવાર ન હોય, સાધુને બધા દિવસ આરાધના માટે સરખા, દિવાળી કે હોળી તેના માટે તો જ્યાં આત્મહિતની વાત હોય ત્યાં દિવાળી બાકી હોળી ! ક્રમશઃ


**અર્હદ પ્રેરણા પત્ર (માસિક)**

ધી રજીસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ : ૧૯૫૬) અન્વયે 'અર્હદ્ પ્રેરણા પત્ર' પત્ર અંગેની માહિતિ ફોર્મ નં-૪

| | | |
|---|---|---|
| ૧. | માલિક | : **અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ** |
| | પ્રકાશનનું સ્થળ | : **૧૭, ઈલોરા પાર્ક સોસાયટી, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.** |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : **માસિક** |
| ૩. | મુદ્રક, તંત્રી અને પ્રકાશકનું નામ | : **કલ્પેશભાઈ વી. શાહ** |
| | રાષ્ટ્રીયતા | : **ભારતીય** |
| | સરનામું | : **૧૭, ઈલોરા પાર્ક સોસાયટી, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.** |
| ૪. | તંત્રીનું નામ | : **કલ્પેશભાઈ વી. શાહ** |
| | રાષ્ટ્રીયતા | : **ભારતીય** |
| | સરનામું | : **૧૭, ઈલોરા પાર્ક સોસાયટી, નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.** |

હું કલ્પેશભાઈ વી. શાહ "અર્હદ્ પ્રેરણા પત્ર" માસિક મુદ્રક, પ્રકાશક અને તંત્રી તરીકે જાહેર કરું છું કે, ઉપરોક્ત વિગત મારા ધ્યાન મુજબ અને જાણ મુજબ સાચી છે.

તા. ૧૬-૩-૨૦૨૬ કલ્પેશભાઈ વી. શાહ

મુદ્રક/પ્રકાશક/તંત્રી

# સંક્ષિપ્ત સમાચાર

યુવાહૃદય સમ્રાટ્ પૂ.આ.વિ.**હેમરત્નસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પૂ.પં.શ્રી હૃદયરત્ન વિ.મ.** આદિ ઠાણા તથા પૂ.સા.શ્રી **સમર્પિતરેખાશ્રી** પૂ.સા.શ્રી **રિદ્ધિરેખાશ્રી** આદિ ઠાણાના સાબરકાંઠા તથા બનાસકાંઠા જિલ્લાના ગામોમાં વિહાર દરમ્યાન વિવિધ રત્નત્રયી આરાધના વર્ધક કાર્યક્રમો.

**નાનાપોશીના તીર્થ :** પોષ દશમીના અઠ્ઠમની આરાધના તા.૧૩-૧૨-૨૦૨૫

**લાભાર્થી : માતુશ્રી ચંદ્રાબેન જયંતિલાલ ભીખાલાલ શાહ - હિમ્મતનગર**

પાંચ દિવસીય ઉત્સવ, ૨૨૫ આરાધકો, અત્તરવારણા તથા પારણા સહિત નિત્ય વહેલી સવારે જાપ-ધ્યાન ઉપર તથા પ્રભુ પાર્શ્વનાથના મહિમા ઉપર પ્રવચનો, વિવિધ કાર્યક્રમો સંધ્યાભક્તિ, જન્મ કલ્યાણકની શોભાયાત્રા તથા છેલ્લા દિવસે મહાપૂજાનું આયોજન. પારણા પ્રસંગે ૫૦૦ ઉપરાંત મહેમાનોનું આગમન. તીર્થમાં સાધારણની સુંદર આવક. લાભાર્થી તરફથી તપસ્વીઓને બહુમાન તથા પ્રભાવના.

**ઈડર :** તા.૧૮-૧૨-૨૦૨૫ થી તા.૧૦-૧-૨૦૨૬ સમગ્ર ઈડરના જૈનો માટે ૯ દિવસીય **"આગમસત્કાર ઉત્સવનું"** આયોજન, ૯ દિવસ વિવિધ અભિગ્રહ પૂર્વકના એકાસણા, શ્રી આગમશાસ્ત્ર ઉપર પૂજ્યશ્રીના પ્રવચનો. ૪૫ આગમશાસ્ત્રની ઈડર નગરમાં શોભાયાત્રા વગેરે દ્વારા ઈડર નગરના જૈનો ઉત્સવમય બન્યા હતા. પૂજ્યશ્રીએ ઈડરમાં દલજીતનગર, ગામના દેરાસર, પુષ્પકુંજ સોસાયટી તથા અરવલ્લી સોસાયટીમાં પ્રવચનો કર્યા હતા. ૨૫ દિવસ આરાધનાનો માહોલ બન્યો હતો. એકાસણામાં ૧૦૦ જેટલા આરાધકો જોડાયા હતા. ઈડરના **શ્રી ડો.સુરેશભાઈ શાહ, સચીનભાઈ શાહ, મૌલિકભાઈ તથા કાશ્યપભાઈ** આદિએ તન-મન-ધનથી સેવા આપી હતી. અરવલ્લી સોસાયટીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. ૪૫ આગમોને દર્શનાર્થે હૉલમાં સુશોભન કરીને રાખવામાં આવ્યા હતા.

**વડનગર :** તા.૧૨-૧-૨૦૨૬, પોષ વદ-૯ બે પ્રાચીન જિનાલયોની વર્ષગાંઠ અવસરે ત્રિદિવસીય કાર્યક્રમ યોજાયો હતો. મુંબઈ આદિથી ૩૦૦ ઉપરાંત ભાવિકો પધાર્યા હતા. ૧૮ અભિષેક, પ્રવચન, સંધ્યાભક્તિ આદિ કાર્યક્રમો થયા હતા.

**મોરીયા :** મા.સુ.૫, ધ્વજારોહણ નિમિત્તે ત્રિદિવસીય મહોત્સવ ભ.અજિતનાથ જિનાલયમાં ૧૮ અભિષેક, ધ્વજાની શોભાયાત્રા, પ્રવચન, ૧૭ ભેદી પૂજા, સંધ્યાભક્તિ, આરતિ આદિ કાર્યક્રમો થયા. ૨૦૦ જેટલા ભાવિકોની ઉપસ્થિતિ.

**સુદાસણા :** મા.સુ.૭, તારંગાથી નજીક આવેલા ગામમાં ભ. કુંથુનાથદાદાની વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ કાર્યક્રમ પ્રવચન આદિ થયા.

**સીસરાણા :** ભ. કુંથુનાથ દાદાની પ્રતિષ્ઠાના ૭૫ વર્ષ પૂર્ણાહૂતિ નિમિત્તે અમૃત મહોત્સવ યોજાયો. મુંબઈ-સુરતથી ભાવિકોનું આગમન મહા સુદ ૧૦, તા.૨૮-૧-૨૬ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

**દાવડ :** મ.સુ.૧૪, તા. ૩૧ જાન્યુ. થી તા.૬ ફેબ્રુઆરી ૨૦૨૬. કહેવાય છે, આ ગામમાં સમ્રાટ્ સંપ્રતિકાલિન જિનાલય હતું. ત્યારબાદ કાળક્રમે શેઠ ધરણાશાના હસ્તે જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો. તે લેખ ઉપરથી સમજાય છે. વિ.સં.૧૬૨૪માં ભગવાન નેમિનાથ ૫૧''ના બિરાજમાન હતા. વર્તમાનમાં આ જિનાલયનો જિર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. ભ.દયાવડ પાર્શ્વનાથ બિરાજમાન છે. ૪૫૮મી ધ્વજારોહણના અવસરે દાવડ શ્રીસંઘ તરફથી સંયમૈકલક્ષી પૂ.આ.વિ. **જગચ્ચંદ્રસૂરીશ્વરજી** મ. આશિષપૂર્વક પૂ.આ.વિ. **અભયચંદ્રસૂરીશ્વરજી** મ. આપેલા મુહૂર્ત અનુસારે સપ્તદિવસીય જિનભક્તિ કાર્યક્રમ પૂ.પંન્યાસશ્રી આદિની નિશ્રામાં યોજાયો હતો.

આ પ્રસંગે **શ્રી માણિભદ્રવીર, શ્રી ઘંટાકર્ણવીર** બન્ને અધિષ્ઠાયકોના અંજન તથા પ્રતિષ્ઠા તથા ૐ શાંતિ પૂ. **મુનિશ્રી પુણ્યવિજયજી** મ.ની પુનઃ પ્રતિષ્ઠા જિનાલયના સંકુલમાં ત્રણ દેવકુલિકાઓમાં કરવામાં આવી હતી. જિનાલયના કોલી મંડપમાં, પાર્શ્વપ્રભુના અધિષ્ઠાયકો **શ્રી પાર્શ્વયક્ષ** તથા **શ્રી પદ્માવતીદેવી**ના અંજન તથા પ્રતિષ્ઠા પણ **પૂ.પંન્યાસશ્રી**ના હસ્તે કરવામાં આવી હતી.

સાત દિવસ દરમિયાન કુંભ સ્થાપનાથી લઈ અનેક વિધિ-વિધાનો, નૂતન કળશ તથા ધ્વજદંડની સ્થાપના, અભિષેક, પ્રવચનો, નિત્ય પ્રભાવના, આખા ગામમાં

બુંદીની પ્રભાવના, ગ્રામજનો માટે રાત્રિ પ્રવચનો પ્રતિમાઓની નગરમાં ભવ્ય શોભાયાત્રા, ત્રણ દિવસ સ્વામીવાત્સલ્ય વગેરે ઉલ્લાસપૂર્વક કરવામાં આવ્યા હતા.

છેલ્લા દિવસે ધ્વજારોહણ સહિત પ્રતિમાઓની પ્રતિષ્ઠાઓ લાભાર્થીઓના હસ્તે કરવામાં આવી હતી. તથા ગામમાં **નૂતન ધર્મશાળા, ઉપાશ્રય, અતિથિ ભવન, યાત્રિક આવાસ** તથા સંઘની **નૂતન પેઢીનું** પણ લાભાર્થી પરિવારો દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. મુંબઈ આદિમાં રહેલા ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કુલ ૧૮ પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતો પધાર્યા હતા.

**વિધિકાર : શ્રી હિતેષભાઈ પરીખ,** ઉંઝાવાળાએ શુદ્ધ વિધિ વિધાન કરાવ્યા હતા તથા **સંગીતકાર : જીગરભાઈ પાટણવાળાએ** પૂજનો તથા સંધ્યાભક્તિની રમઝટ બોલાવી હતી. શ્રીસંઘના ટ્રસ્ટીમંડળ તથા યુવાનો સહિત આયોજનના મુખ્ય લાભાર્થી **શ્રીમતી આશાબેન રોહિતકુમાર શાહ** પરિવારે સુંદર સહયોગ આપ્યો હતો.

**એલર્ટનગર - હિંમતનગર :** પૂ.ગુરુદેવની પ્રેરણાથી નિર્મિત શ્રી કેશરીયા આદિનાથ જિનાલયે ફા.સુ.૧-૨, તા.૧૯-૨૦, ફેબ્રુઆરીના રોજ પૂજ્યશ્રીની નિશ્રામાં અઢાર અભિષેક તથા ધ્વજારોહણનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. જિનાલયના લાભાર્થી **માતુશ્રી શોભનાબેન અમરીશભાઈ શાહ, હ.ભાવિનભાઈ,** મુંબઈ તરફથી નવકારશી આદિની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ત્યારબાદ આ જ જિનાલયે ફાગણ ફેરીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. ફા.સુ.૧૩, રવિવાર, તા.૧માર્ચે સ.૬-૩૦ કલાકે રવિપુષ્યના શક્રસ્તવ અભિષેક, સ.૯-૩૦ કલાકે સંગીત સાથે સિદ્ધાચલ ભાવયાત્રા ત્યારબાદ લાભાર્થી પરિવારો તરફથી પાલોનું આયોજન કરવામાં આવ્યું હતું. સ.૧૧-૩૦ બાદ યાત્રાએ પધારનાર ભાવુકો માટે પાલ ખૂલ્લા મૂકવામાં આવ્યા હતા. ૭૦૦ ઉપરાંત ભાવિકો પધાર્યા હતા.

પૂજ્યશ્રી હિમ્મતનગર માસકલ્પ કરી ઓળી માટે આગલોડ તીર્થે પધારશે.

**બ્રાહ્મી-સુંદરી ગ્રુપ-વિદ્યાનગર**

ગ્રુપની બહેનોએ સોસાયટીના ઘરોમાં કામ કરતા બહેનોને ઉપાશ્રયમાં બોલાવી અળગણ પાણી તથા ન્યાય સંપન્ન વૈભવ અનુસારે જયણા અને નીતિ-અનીતિ કોને કહેવાય તેની સમજ આપી હતી. ત્યારબાદ તેમને બ્લેન્કેટ આપી પ્રીતિદાન કર્યું હતું.

શ્રી સંભવનાથ જિનાલયમાં ૧૫-૨ના ધ્વજા-રોહણના અવસરે જિનાલયની શુદ્ધીનું કાર્ય કરવામાં આવ્યું હતું.

**ભીવંડી ગ્રુપ (સીનીયર તથા જુનીયર)**


મુમુક્ષુઓનું બહુમાન ગ્રીટીંગ કાર્ડ આપવા દ્વારા કરવામાં આવ્યું.

**બ્રાહ્મી-સુંદરી ગ્રુપ - ન્યુ ગોલ્ડન નેસ્ટ-મીરા-ભાયંદર :** ગ્રુપની બહેનોએ મળી શ્રવણ ટીફીન સેવા શરૂ કરી છે. જેમાં એકલા રહેતા વૃદ્ધ ભાઈ-બહેનોને એક ટ્રસ્ટના સહયોગથી તેમના ઘરે જમવા માટે ટીફીન તથા જરૂરી સામાન પહોંચાડવામાં આવે છે. પૂ.ગુરુદેવ કહેતા **"જેનું કોઈ નથી તેના તમે બનો."** બહેનો આ વચનને બરાબર પાળવા પ્રતિબદ્ધ બની છે.

**બ્રાહ્મી-સુંદરી ગ્રુપ ઈન્ડિયાની** એ.ટી.એમ. મિટીંગ ઈડર નગરે ગઢ ઉપર તા.૨૫-૨૬ ફેબ્રુઆરીના રોજ બે દિવસ માટે યોજવામાં આવી હતી. હિંમતનગર ગ્રુપના **કાજલબેન, પૂર્વીબેન, કામિનીબેન - વડાલી** તથા **ચેલ્લણાબેન - ઈડર** આદિએ તમામ વ્યવસ્થા સંભાળી લીધી હતી. બન્ને દિવસે બહેનોના વિવિધ કાર્યક્રમો તથા જિનભક્તિ આદિ થયા હતા. વિસર્જન બાદ ૭૦ જેટલા બહેનો હિંમતનગર **પૂ.પં.હૃદયરત્ન વિ.મ.**ને વંદન કરવા પધાર્યા હતા. બહેનો માટે **એલર્ટ પિનાકીનભાઈ** તરફથી અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી હતી. પૂજ્યશ્રીએ બહેનોને હિતશિક્ષા ફરમાવી હતી. આ પ્રસંગે અહીંનું ટ્રસ્ટીગણ પણ ઉપસ્થિત રહ્યું હતું. મિલનમાં અમદાવાદથી **પાયલબેન** સહિત ઘણા બહેનો આવ્યા હતા. તે સિવાય **વડાલી, ખેડબ્રહ્મા, ઈડર, ભરૂચ, સુરેન્દ્રનગર, થરા, વિસનગર, ઉંઝા, મુંબઈથી વિરાર, બોરીવલી, ગોલ્ડનનેસ્ટ-મીરા-ભાયંદર, વડોદરા** આદિથી કુલ ૧૧૫ ઉપરાંત બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન ગ્રુપના લીડરોએ પોતાની એક્ટિવીટી રજૂ કરી હતી. **પાયલબેન** તરફથી પણ નવા કાર્યક્રમો માટે માહિતી આપવામાં આવી. સાથે બહેનોએ બાહ્ય પ્રવૃત્તિની સાથોસાથ પોતાની આંતરિક આરાધના પણ વધારવાની પ્રેરણા કરી હતી. એકંદરે મિલન ખૂબ સુંદર રહ્યું હતું. નવા જોડાયેલા બહેનો પણ ખૂબ ખુશ થયા હતા.

## શત્રુંજય તીર્થધામ ભુવનભાનુ માનસમંદિરમ્ તીર્થે છ'ગાઉ ફાગણ ફેરી યાત્રાની ઝલક












## એલર્ટ બ્રાહ્મી-સુંદરી ગ્રુપ ઓફ ઈન્ડિયાનું એ.ટી.એમ. મિલન - ઈડરગઢ, જિ.સાબરકાંઠા








RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi) Publish & Posted 16th of every month at Ahd. Unaccountable L1
Reg.No. : GAMC 988/2024-2026 Issued by SSP Valid up to 31-12-2026
Licence to Post with Prepayment LPWP Licence No. : PMG/NG/058/2024-2026 Valid up to 31-12-2026



માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514